જલાલપોર પોલીસ સ્ટેશન પાર્ટ–બી, ગુના રજી. નંબર ૧૧૮૨૨૦૧૫૨૬ ૦૮૮૦/૨૦૨૬,**ધી નાર્કોટીકસ ડ્રગ્સ એન્ડ સાઇકોટ્રોપીક સબસ્ટન્સિઝ એકટ ૧૯૮૫ ની કલમ–૮(સી), ૨૦[બી–II(એ)}],૨૯** મુજબના ગુનાના કામે **આરોપી અજય મુન્ના પાલ** ની જામીન અરજી લગત હુકમ :–

---

**૦૧.** હાલની આ અરજી જલાલપોર પોલીસ સ્ટેશન પાર્ટ–બી, ગુના રજી. નંબર ૧૧૮૨૨૦૧૫૨૬૦૮૮૦/૨૦૨૬,ધી નાર્કોટીકસ ડ્રગ્સ એન્ડ સાઇકોટ્રોપીક સબસ્ટન્સિઝ એકટ ૧૯૮૫ ની કલમ–૮(સી), ૨૦[બી–II(એ)}],૨૯ મુજબના ગુનાના કામે ભારતીય નાગરીક સુરક્ષા સહિતાની કલમ–૪૮૦ હેઠળ જામીન મુકત થવા કરેલ છે. અરજી લગત આરોપીના વિ.વ.શ્રી તથા વિ.એ.પી.પી.શ્રી ને સાંભળ્યા.

**૦૨.** આરોપી તરફે વિ.વ.શ્રીએ તેમની મૌખિક દલીલમાં અરજીની વિગતો દલીલ સ્વરૂપે જણાવી વિશેષમાં જામીન મુકત થવાના મહત્વના કારણો માંજણાવેલ છે કે, આરોપી નિર્દોષ છે, આરોપીએ કહેવાતો કોઇ ગુનો કરેલ નથી, ખોટી રીતે સંડોવી દેવામા આવેલ છે. આરોપી ગરીબ ઇસમ છે, કુંટુંબ મા આરોપી સીવાય અન્ય કોઇ કમાનાર વ્યકિત નથી. જો આરોપીને જામીન મુકત કરવામા ન આવે તો પ્રિ–ટ્રાયલ કન્વીકશન થાય અને તેના પરીવારને ભુખે મરવાનો વારો આવે તેમ છે. અરજીમા જણાવેલ સરનામે કાયમી રહેતા આવેલ છે, સ્થાવર અને જંગમ મિલકત ધરાવે છે. નાશી ભાગી જાય તેમ નથી કે સાક્ષી ટેમ્પર કરનાર નથી. નામ.અદાલત ફરમાવે તેવી તમામ શરતોનું પાલન કરવા તૈયાર અને રાજી ખુશી છે. જેથી જામીન અરજી મંજુર કરવા અરજ ગુજારેલ છે.

**૦૩.** ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ સદર અરજી લગત કરેલ શેરો વંચાણે લેતા તેમા તેઓએ જણાવેલ છે કે, ફરીયાદ તથા જામીન અરજી વંચાણે લેતા તથા એન.ડી.પી.એસ.એકટ ના કાયદાની જોગવાઇ ધ્યાને લઇ ન્યાયના હિતમા યોગ્ય હુકમ કરવા જણાવેલ છે.

**૦૪.** ઉપરોકત બંને પક્ષોની રજુ દલીલ તથા કેસની હકીકત ધ્યાને લેતા આ કામના આરોપી સામે ધી નાર્કોટીકસ ડ્રગ્સ એન્ડ સાઇકોટ્રોપીક સબસ્ટન્સિઝ એકટ ૧૯૮૫ ની કલમ–૮(સી), ૨૦[બી–{II(સી)}],૨૯ મુજબના ગુના નો આક્ષેપ છે. કલમ–૪૮૦ હેઠળ જામીન મુકત કરવાની સત્તા તે અદાલતની મનસુફીની (વિવેકાધિન) સત્તા રહેલ છે. અદાલતે તેવી સત્તાનો મનસ્વીપણે નહી પરંતુ કાયદાથી પ્રસ્થાપિત સિધ્ધાંતો અને મર્યાદામાં રહીને ઉપયોગ કરવાની છે. નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર વડી અદાલતોના અનેક ચુકાદાઓથી પ્રસ્થાપિત થયેલ છે કે, જામીન અંગેના નિર્ણય હેતુ મહત્વના પાસા જેવા કે, આરોપીનો ગુનામાં ભજવેલ ભાગ તથા ગુનાની ગંભીરતા, સમાજ ઉપર તેમજ ફરીયાદી, સાહેદો ઉપર થનાર અસર, આરોપીનો ભુતકાળ, આરોપીની તપાસ તેમજ ટ્રાયલ દરમ્યાન હાજરી વિગેરે મુદ્દાઓ ધ્યાને લેવાના રહે છે. ફરીયાદ પક્ષના કેસ મુજબ હાલના ગુનાના કામે અગાઉ આરોપીએ પોતાના કબજામાં વગર પાસ પરમીટે વનસ્પતિ જન્ય ગાંજો ૦.૨૨ કિ.ગ્રામ જેની કિ.રૂા.૧૧૦૦/– ના મુદ્દામાલ સાથે સ્થળ પર પકડાઇ ગયેલ. જે ગુનાના કામે હાલના આરોપીનો રોલ ધ્યાને લેવામા આવે તો, હાલના આરોપીએ સદર મુદ્દામાલ વનસ્પતી જન્ય ગાંજો હાલના પકડાયેલ આરોપીએ આપેલ. આમ, આરોપી સામે પ્રથમ દર્શનીય કેસ હોવાનું જણાય આવે છે. પરંતુ હાલના કેસમા પકડાયેલ મુદ્દામાલ વનસ્પતિ જન્ય ગાંજાનો જથ્થો સ્મોલ કવોન્ટીટીનો છે તેમજ સદર ગુનાની ચાર્જશીટ થઇ ટ્રાયલ ચાલતા લાંબો સમય જાય તેમ છે અને તે સમય દરમ્યાન જો આરોપીને કસ્ટડીમા રાખવામા આવે તો આરોપીને પ્રિ–ટ્રાયલ કન્વીકશન થાય તેમ છે. સાથે સાથે જામીન મુકત થયા બાદ ટ્રાયલ દરમ્યાન આરોપીની ટ્રાયલ દરમ્યાન હાજરી સુશ્રિત કરવી પણ જરૂરી છે, જેથી યોગ્ય શરતોને આધિન આરોપીને જામીન મુકત કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેમ માની નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**૦૧.** આથી, જલાલપોર પોલીસ સ્ટેશન પાર્ટ–બી, ગુના રજી. નંબર ૧૧૮૨૨૦૧૫૨૬૦૮૮૦/૨૦૨૬, ધી નાર્કોટીકસ ડ્રગ્સ એન્ડ સાઇકોટ્રોપીક સબસ્ટન્સિઝ એકટ ૧૯૮૫ ની કલમ–૮(સી), ૨૦[બી–II(એ)}],૨૯

મુજબના ગુનાના કામે **આરોપી અજય મુન્ના પાલ** નાઓને **રૂા.૫૦,૦૦૦/- (અંકે રૂપીયા પચાસ હજાર પુરા)** ના **જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકો** રજુ કરાવ્યેથી નીચે મુજબની શરતોને આધિન જામીન મુકત કરવા હુકમ ફરમાવવામા આવે છે.

**-:: શરતો ::-**

**૦૧.** આરોપીએ ટ્રાયલ દરમ્યાન અત્રેની કોર્ટમાં નિયમીત હાજર રહેવાનું રહેશે.

**૦૨.** આરોપીએ તથા તેના જામીનદારે હાલનું તથા કાયમી સરનામું, મોબાઈલ નંબર સહિત આધાર પુરાવા સાથે પુરશીસથી અદાલતમાં રજુ કરવુ અને તેવું સરનામું અદાલતને જાણ કર્યા સિવાય બદલવું નહી.

**૦૩.** આરોપીએ કોર્ટની પૂર્વ પરવાનગી વગર ભારત દેશની હદ છોડવી નહી.

**૦૪.** આરોપીએ ચાર્જશીટ ના થાય ત્યાં સુધી દર માસની ૧ થી ૫ તથા ૧૫ થી ૨૦ તારીખ સુધીમાં સંબંધિત પોલીસ સ્ટેશનના પી.આઇ.શ્રી સમક્ષ અચુકપણે હાજરી પુરાવવાની રહેશે.

હુકમ આજરોજ **તા.૧૭ મી માહે ઓગષ્ટ સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૧૭/૦૮/૨૦૨૬
નવસારી.

**sd/-**
**(બી.કે.શાહ)**
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
નવસારી. જીજે-૦૧૪૭૭